જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૦/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-                    સમાચાર યાદી નં.૧૯૨૬/૧૮

પ્રેસ નોટ

**સોલા પોલીસ સ્ટેશનના અપહરણ ના ગુનામા નાસતા ફરતા કુખ્યાત પ્રદીપ ઉર્ફે માયા સહીત ચાર ઇસમોને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા ઇન્ચાર્જ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ અમદાવાદ શહેર માં શરીર સબંધી ગુનાઓ અટકાવવા તથા નાસતા ફરતા આરોપીઓ તથા ગેંગ બનાવી ગુનાઓ આચરતા ઇસમોને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી બી.પી.રોજીયા, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા શ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફનાં માણસો સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન અમદાવાદ શહેર સનાથલ ચાર રસ્તા પાસેથી આરોપીઓ નં. (૧) પ્રદીપ ઉર્ફે માયા S/O બ્રહ્મપ્રકાશ જાતે યાદવ ઉવ. ૨૭ રહે. મ.નં.૮૮/૨, પરષોતમનગર સોસાયટી, ભવનાથ સોસા. પાસે, ચાણક્યપુરી, અમદાવાદ શહેર મુળગામઃ- ફુદરકોટ નગરીયા, ભરથના પાસે, તા.એરવા જી.ઇટાવા ઉતરપ્રદેશ (૨) મહાવીર ઉર્ફે હુકુમ S/O પ્રકાશભાઇ વિરજીભાઇ જાતે હંસોરા (કચ્છી લુહાર સુથાર) ઉવ.૨૨ રહે. ચાણક્યપુરી સેકટર-૬ શર્માજી ના મકાનમાં ગુરૂકૃપા પ્રોવીઝન સ્ટોર ની પાછળ આર.સી.ટેકનીકલ રોડ ચાણક્યપુરી સોલા અમદાવાદ શહેર મુળવતન ગામ રવાપર તા. જી.કચ્છ (૩) સંજય S/O વિજયકુમાર હરીયરપ્રસાદ જાતે દુબે ઉવ.૧૯ રહે. બ્લોક-પી રૂમ નં. ૨૦૫ આશ્રય પ્લેટીના સ્વામીનારાયણ મંદીરની બાજુમા ન્યુ રાણીપ અમદાવાદ શહેર મુળવતન ગામ સીરસીયા તા.મહાદેયા જી.બલરામપુર થાના રહેરા ઉતરપ્રદેશ (૪) વિકાસ ઉર્ફે કાંચો S/O તારાચંદ ફુલચંદ જાતે શાહ ઉવ.૨૪ રહે. ઇ/૧૫ શ્રીમંધર પ્લાઝા જનાતનગર ક્રોસીસ પાસે શકિત એપાર્ટમેન્ટની સામે ચાણકયપુરી સોલા અમદાવાદ શહેર મુળવતન ગામ ધરેની કાઠમંડુ નેપાળ નાઓને અપહરણ મા ઉપયોગમાં લીધેલ આઇ-૨૦ ગાડી કિં.રૂ.૩,૦૦,૦૦૦/- તથા તલવાર કિં.રૂ.૨૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

ઉપરોકત આરોપીઓની પુછપરછ કરતાં આજથી ચારેક મહિના પહેલા આરોપી નં.(૧) પ્રદીપ ઉર્ફે માયા ને તેના મિત્ર દિનેશ ગુપ્તા તથા તેના સાગરીતો વિરુધ્ધમાં ખંડણી અને ધાક ધમકીનો કેસ થયેલ જે કેસમા જામીન ઉપર છુટ્યા બાદ દિનેશ ગુપ્તાની પાસા અટકાયત થયેલ અને તેને છોડાવવા માટે તેનો ભાઇ ભરત ગુપ્તા પોતાની પાસે પૈસાની માંગણી કરતો હોય તેની સાથે બોલાચાલી ઝઘડો થયેલ જે બાબતે ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા તેની અદાવત માં ગઇ તા.૨૭/૦૯/૨૦૧૮ ના રોજ રાત્રિના સમયે ઉપરોકત ચારેય ઇસમોએ સાથે મળી સંજય દુબે ની આઇ-૨૦ ગાડીમાં તલવાર સાથે લઇને ગયેલ અને ભરત ગુપ્તા સાથે ફરીથી બોલાચાલી ઝઘડો કરેલ જે બાબતે સોલા પોલીસ સ્ટેશનમાં અપહરણ અને મારામારી નો કેસ થયેલ છે જેમા તમામ આરોપીઓ નાસતો ફરતો હોવાનુ જણાવેલ તેમજ આ ગુનાની ફરિયાદ પાછી ખેંચી લેવા સારુ ફરિયાદીના પિત્રાઇ ભાઇ સાથે ઝઘડો મારામારી કરેલ જે બાબતે સાબરમતી પોલીસ સ્ટેશનમાં કેસ થયેલ જે ગુન્હમા આરોપી નં.(૧) પ્રદીપ ઉર્ફે માયા નાનો નાસતો ફરતો હોવાનુ જણાવેલ

## પાટણ 'બી' ડીવીજન પો.સ્ટે તેમજ હિંમતનગર તાલુકા પો.સ્ટેના વિશ્વાસઘાત, છેતરપીંડી ગુનામાં વૉન્ટેડ આરોપીને પકડતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓને પકડવાની મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબની સુચના અનુસંધાને સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના અપોકો વિક્રમસિંહ રણજીતસિંહ બ.નં ૩૩૯૫ તથા અપોકો ભરતસિંહ ભુપતસિંહ બ.નં ૧૦૧૪૩ નાઓ સાથે આજરોજ તા:૦૧/૧૦/૧૮ ના જીઆઇડીસી વટવા પો.સ્ટે જશોદાનગર પોલીસ ચોકી ખાતે હાજર હતા દરમ્યાન અપોકો ભરતસિંહ ભુપતસિંહ તથા અપોકો વિક્રમસિંહ રણજીતસિંહ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે પાટણ 'બી' ડીવીજન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૭૧/૧૮ ધી ઈપીકો કલમ ૪૨૦, ૧૨૦(બી) વિગેરે તથા હિંમતનગર તાલુકા પો.સ્ટે ફ.ગુ.ર.નં ૯૮/૧૮ ધી ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦,૧૧૪ મુજબના કામના વૉન્ટેડ આરોપી <u>વિજયભાઈ ચંદ્રજી ઠાકોર ઉ.વ-૩૧ રહે.ગામ-બોરૂ ઠાકોરવાસ તા-માણસા જી-ગાંધીનગર</u> નાનો જીઆઈડીસી વટવા જશોદાનગર શ્યામ કોર્નર પાસેથી પસાર થવાનો છે જે હકીકત આધારે તેની વોચમાં રહેતા તે મળી આવતા સદરીને આજરોજ તા:૦૧/૧૦/૧૮ ના ક:૨૧/૨૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)(આઈ) મુજબ પકડી અટક કરેલ છે.

## આનંદનગર પોલીસ સ્ટેશન

મે.સંયુકત પોલીસ કમીશ્નરશ્રી સેકટર-૧ સા. તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૭ સા. નાઓએ મિલ્કત શોધી કાઢવા તથા અટકાવવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી આનંદનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગ દર્શન હેઠળ સર્વેલન્સ પોલીસ સબ ઇન્સ્પેકટર કે.ડી.જાદવ તથા પોલીસ સ્ટાફના તથા હે.કો.મગનભાઇ નરસિંહભાઇ તથા પો.કો. શૈલેષભાઇ મોહનભાઇ તથા પો.કો. વિજયભાઇ મગનભાઇ તથા પો.કો.કીરીટભાઈ જેરામભાઇ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આરોપીઓ (૧) નરેન્દ્ર ઉર્ફે બાબુ સ/ઓ કલ્યાણસિંહ શીવસિંહ રાઠોડ ઉવ.૨૧ રહે ૧૦ કમુદી સોસાયટી વિભાગ-૨ વિભાવરી સોસાયટી પાછળ વેજલપુર પોલીસ ચોકી પાછળ વેજલપુર અમદાવાદ શહેરમુળ ગામ બોડા આબલી તા.સિમલવાડા જિ.ડુંગરપુર રાજસ્થાન નાઓને આજરોજ તા.૦૨/૧૦/૨૦૧૮ ના કલાક ૨૧/30 વાગે પકડી અટક કરી આનંદનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૩૬/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૯૨ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનાં ગુનો શોધી કાઢી મુદામાલનો એમ.આઇ.કંપનીનો મોબાઇલ ફોન ૧૦,૦૦૦/- તથા હોન્ડા ડ્રીમ યોગા મોટર સાયકલ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ્લે ૫૦,૦૦૦/- મતા કજબે કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.